વિદ્યાદાન મહાદાન
સુશિક્ષિત સમાજ – સમૃદ્ધ સમાજ


શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટ
।। सा विद्या या विमुक्तये ।।
૩૦૨, "સમૃદ્ધિ", સાકાર–૩ની સામે, ઈન્કમટેક્ષ સર્કલ,
આશ્રમ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૧૪
ફોન: ૦૭૯ – ૨૭૫૪ ૩૮૩૯, મો. ૯૩૭૭૭ ૮૮૯૯૦


# શ્રીમતી રજનિકાબેન અરૂણભાઇ મહેતા ઉચ્ચ અભ્યાસ યોજના

તારીખ :  /  /

| અરજદારનો પાસપોર્ટ સાઈઝનો કલર ફોટો ચોંટાડવો. |
|---|

પ્રતિ,
પ્રમુખશ્રી - મંત્રીશ્રી,
શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ
અમદાવાદ - ૩૮૦ ૦૧૪.

માનનીય સાહેબ,

આ સાથે નીચે સહી કરનાર ______________________________
(વિદ્યાર્થીનું નામ)

મારા ______________________ ના અભ્યાસક્રમ માટે લોન / સહાયની અરજી કરૂ છું, તો તે અંગે યોગ્ય
(અભ્યાસક્રમનું નામ)
કરવા વિનંતી. લોન / સહાય માટે આપની સંસ્થાના નિયમો તથા તેમાં વખતો વખત થતા ફેરફારો મને બંધનકર્તા રહેશે, તેમ સમજીને આ અરજી કરેલ છે.

લિ.
આપનો વિશ્વાસુ,

(વિદ્યાર્થી/વિદ્યાર્થિનીની સહી)

## અરજી પત્રક : ૨૦૧  -  ૨૦૧

- આ અરજીપત્ર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીએ પોતાના સ્વહસ્તે ભરવું. અન્ય કોઇએ ભરેલ ફોર્મ નામંજૂર થવાને પાત્ર છે.
- નામ તથા સરનામું અંગ્રેજીમાં કેપિટલ અક્ષરમાં લખવા અને ફોન નંબર્સ અંગ્રેજીમાં સુવાચ્ય અક્ષરે લખવા.
- પીનકોડ નંબર લખવો ખૂબ જરૂરી છે.
- આ અરજીપત્રક સિવાય વધારાની વિગત આપવી હોય, તો તે આ સાઇઝ (A-૪ સાઇઝ) ના પેપર ઉપર અલગ આપવી.

| MCT | |
|---|---|
| Inward No. | |
| Date | |
| Received by | |

| પસંદ કરેલ અભ્યાસક્રમ |
|---|
| ડિગ્રીનું નામ : |
| ડિપ્લોમાં નું નામ : |
| વાર્ષિક ફી ની અંદાજી રકમ : |

- જાતિ : પુરૂષ [ ] / સ્ત્રી [ ] અહીં ટીક કરવી.  જન્મ તારીખ : ______________

૧. વિદ્યાર્થી / વિદ્યાર્થિનીનું પૂરું નામ : ______________________________

૨. વિદ્યાર્થીના પિતા / વાલીનું પૂરું : ______________________________
નામ તથા સરનામું ______________________________
______________________________ પીનકોડ ______________

૩. ટેલિફોન નંબર : ઘર ______________ મોબાઈલ ______________
ઑફિસ ______________ ઈ-મેઈલ ______________

૪. કયા સંઘના મેમ્બર છો ? : ______________ સંઘમાં સભ્ય નંબર : ______________

૫. કૌટુંબિક માહિતી

| ક્રમાંક | સંઘના સભ્યના નામ સાથે કુટુંબના બધા સભ્યોના નામ (વિદ્યાર્થીના નામ સાથે) | સંઘના સભ્ય સાથે સંબંધ | ઉંમર | વ્યવસાયનો પ્રકાર/નોકરીનું પુરૂ સરનામું તથા ફોન નંબર | વાર્ષિક આવક રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | (સંઘના સભ્ય) | | | | |
| ૨ | | | | | |
| ૩ | | | | | |
| ૪ | | | | | |
| ૫ | | | | | |
| ૬ | | | | | |
| | | | | કુટુંબની કુલ આવક રૂા. | |

૬. વિદ્યાર્થીએ પાસ કરેલ છેલ્લી પરીક્ષાનું નામ ____________________ છેલ્લી પરીક્ષા આપ્યાનું વર્ષ __________
પરીક્ષામાં મેળવેલા માર્ક __________ માર્ક ટકામાં _______ કેટલામાં પ્રયત્ને પાસ કરેલ છે ? ____________

૭. વિદ્યાર્થીએ જે અભ્યાસક્રમ માટે સહાય માંગેલ છે તેની વિગત :

(ક) અભ્યાસક્રમનું નામ _______________ અભ્યાસક્રમ ડિગ્રી છે કે ડિપ્લોમા _______________________

(ખ) અભ્યાસક્રમના કુલ વર્ષ ____________ અભ્યાસક્રમના કેટલામાં વર્ષમાં એડમિશન લીધેલ છે ? ________
અભ્યાસક્રમ પુરો થવાનું વર્ષ ________________________

(ગ) ફી ની અંદાજીત રકમ : વાર્ષિક ફી : ________________ સિમેસ્ટર /ટર્મ ફી : _________________

(ઘ) અભ્યાસક્રમ માટેની કોલેજનું નામ તથા સરનામું ____________________________________________

(ચ) કોલેજ કઇ યુનિવર્સિટી સાથે સંલગ્ન છે ? ________________________________________________

(છ) યુનિવર્સિટીનો પ્રકાર : રેગ્યુલર/ડીમ્ડ _________________________________________________

(જ) યુનિવર્સિટી ભારતના કયા રાજયમાં આવેલી છે ? ____________________________________________

આથી હું ખાત્રી આપુ છું કે મેં જણાવેલ ઉપર મુજબની વિગતો તદ્દન સાચી છે, તેમજ શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટના આ અરજીના અનુસધાનમાં આ અરજીપત્રક સાથે સામેલ નિયમો મેં વાંચ્યા સમજ્યા છે અને સર્વે તથા તેમાં વખતો વખત થતાં ફેરફારો મને કબુલ મંજૂર છે.

તારીખ ________________ સ્થળ ________________ વિદ્યાર્થિની સહી __________________________________

અરજીપત્રક સાથે બીડેલ ઝેરોક્ષ કોપીની વિગતો :

૧ ____________________________________ ૨ ____________________________________

૨ ____________________________________ ૪ ____________________________________

૩ ____________________________________ ૬ ____________________________________

આથી હું ગેરંટી આપુ છું કે, મારા પુત્ર/પુત્રી, તેના ઉચ્ચ અભ્યાસક્રમ માટે તેના અભ્યાસકાળ દરમ્યાન શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી મેળવેલ લોન / સહાયની કુલ રકમ શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટને સમયસર પરત કરશે, તેમજ શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટના તે સમયના નિયમોને અનુસરશે અને તેનું પાલન કરશે.

ગેરંટર તરીકે પિતા /વાલીની સહી__________________________ તારીખ ____________________

સહી કરનારનું પુરૂં નામ : ____________________________________________________________

**ખાસ નોંધ :**

(૧) ધોરણ ૧૧ તથા ૧૨ માટે લોન / સહાય લીધેલ છે ? હા અગર ના ______ (૨) લોન / સહાય લીધી હોય તો, કયા કયા ધોરણ માટે લીધી છે. ______________ (3) લીધેલ લોન / સહાયની કુલ રકમ ___________________

## બૃહદ અમદાવાદમાં વસતા સ્થાનકવાસી જૈન સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતની ગેરંટી

**(સહી કરનારને વિનંતી કે આખી મેટર વાંચી સમજીને સહી કરે)**

આ અરજી કરનાર વિદ્યાર્થી ________________________________________ના કુટુંબને ____________________ વર્ષથી ઓળખું છું. અરજીમાં આપેલ વિગત બરાબર છે. વિદ્યાર્થી સહાયને પાત્ર છે અને ટ્રસ્ટના નિયમોને અનુસરશે તથા તેના અભ્યાસકાળ દરમ્યાન મેળવેલ લોન / સહાયની રકમ પરત કરશે તેની ગેરંટી આપુ છું. કોઇપણ કારણસર વિદ્યાર્થી/વિદ્યાર્થિનીનું કુટુંબ લોન / સહાયની રકમ પરત નહી કરે તો તે રકમ ભરપાઇ કરાવવાની જવાબદારી મારી છે તે સમજી વિચારીને સહી કરેલ છે.

તારીખ ____________________ ________________________________________

સ્થાનકવાસી જૈન સમાજની પ્રતિષ્ઠિત વ્યકિતની સહી

સહી કરનારનું પુરૂં નામ અને સરનામું ________________________________________

________________________________________

________________________________________

સહી કરનારનો વ્યવસાય ____________________________ વાર્ષિક આવક ______________

ટેલીફોન નંબર- ઓફિસ ________________ ઘર ________________ મોબાઇલ ________________

કયા સંઘના સભ્ય છો ? ______________________________ સભ્યપદ નંબર ________________

તા.ક. આપને ખ્યાલ આપવાનો કે લોન / સહાય લેનાર વિદ્યાર્થીને તેના અભ્યાસકાળ દરમ્યાન તેની કોલેજની વાર્ષિક પૂરેપૂરી ફી અથવા મહતમ રૂા. ૨,૦૦,૦૦૦/- જે રકમ ઓછી હોય તે રકમ દર વર્ષે આપવામાં આવે છે.વાર્ષિક ફી રૂા. ૫૦,૦૦૦/- થી વધારે હોય તો શૈક્ષણિક લોન / સહાયના નિયમ ૬.૨ મુજબ આપવામાં આવે છે.

---

## શ્રી સંઘનું પ્રમાણપત્ર

આ અરજી કરનાર વિદ્યાર્થી / વિદ્યાર્થિની શ્રી ________________________________________

ના પિતા / વડીલ શ્રી ________________________________________

અમારા શ્રી ______________________________ સંઘના સભ્ય છે. અને શ્રી સંઘમાં તેમનો સભ્યપદ નંબર ____________________ ધરાવે છે.

ઉપરોકત વિદ્યાર્થી / વિદ્યાર્થિની તથા તેમના કુટુંબની શ્રી સંઘે પૂરી જાત તપાસ કરેલ છે અને શ્રી સંઘ આથી ખાત્રી આપે છે કે અરજદાર વિદ્યાર્થી જરૂરીયતવાળો વિદ્યાર્થી છે અને અરજીપત્રકમાં આપેલ બધી વિગત બરાબર છે તેથી તેની લીધેલ લોન સહાય મંજૂર કરવા ભલામણ છે.

સંઘનો સિકકો ____________________ પ્રમુખ /મંત્રીની સહી ______________________________

સહી કરનારનું પુરું નામ : ______________________________

તારીખ : ____________________

---

પ્રમુખ અગર મંત્રી સિવાય બીજા કોઇની સહી માન્ય રહેશે નહી

નોંધ : શ્રી સંઘે તેમના દ્વારા મોકલાયેલ વિદ્યાર્થી/ વિદ્યાર્થિનીનું રજીસ્ટર રાખવા વિનંતી.

# શ્રીમતી રજનિકાબેન અરૂણભાઇ મહેતા ઉચ્ચ અભ્યાસ યોજના

## લોન / સહાય માટેના નિયમો

*(નિયમમાં જ્યાં જ્યાં લોન / સહાય લખેલ છે તે શૈક્ષણિક લોન / સહાય છે તેમ સમજવું)*
*(આ નિયમમાં વિદ્યાર્થી એટલે કે વિદ્યાર્થી અગર વિદ્યાર્થીની સમજવું)*

**૧.૧ પાત્રતા :**

૧.૧. લોન સહાય લેનાર વિદ્યાર્થીનું કુટુંબ બૃહદ અમદાવાદ શહેરમાં એક વર્ષથી રહેતું હોવું જોઇએ. અને બૃહદ અમદાવાદના શ્રી મહાવીર ચેરિટબેલ ટ્રસ્ટના કોઇપણ એક સભાસદ સ્થાનકવાસી જૈન સંઘનું મેમ્બર હોવું જોઇએ.

૧.૨ ૨૦૧૨-૨૦૧૩ થી એક જ રસોડે જમતા ચાર વ્યકિતવાળા કુટુંબના દરેક કમાતા સભ્યોની કુલ વાર્ષિક આવક રૂા. ૬,૦૦,૦૦૦/- અગર તેથી ઓછી હોવી જોઇએ. ચાર વ્યકિતથી વધુ વ્યકિતવાળા કુટુંબની સર્વે કમાતી વ્યકિતની વાર્ષિક આવક વધારાની વ્યકિતદીઠ રૂા. ૭૫,૦૦૦/- પ્રમાણે વધીને થતી મહતમ રકમની અંદર હોવી જોઇએ.

૧.૩. ચાર વ્યકિતવાળા કુટુંબના એકથી વધુ વિદ્યાર્થી માટે આ લોન સહાય લેવા ઇચ્છતા કુટુંબની વાર્ષિક કુલ આવક ઉપર ૧.૨ માં જણાવ્યા કરતાં રૂા. ૭૫,૦૦૦/- વધારે ગણવી .

૧.૪. લોન / સહાય લેનાર વિદ્યાર્થી સમગ્ર ભારતની કોઇપણ યુનિવર્સિટીની સંલગ્ન કોલેજ અગર પોલીટેકનીકમાં એડમીશન લઇને કોલેજમાં ફુલ ટાઇમ વર્ગમાં અભ્યાસ કરતો હોવો જોઇએ.

**૨.૦. લોન / સહાય પાત્ર અભ્યાસક્રમો :**

૨.૧. ધો. ૧૨ પછીના યુનિવર્સિટી અભ્યાસક્રમો :

(૧) એન્જિનિયરીંગ (B.E., B. Tech) ની બધી શાખાઓ
(૨) આર્કિટેકચરના અભ્યાસક્રમો (B. Arch)
(3) (ક) મેડીકલ (ખ) ડેન્ટલ (ગ) ફિઝીયોથેરાપી, નર્સિંગ વિ. પેરા મેડીકલ અભ્યાસક્રમો
(ઘ) હોમીયોપેથિક, આયુર્વેદિક વિ. ઓલ્ટરનેટીવ મેડિસીન થેરાપીના અભ્યાસક્રમો
(૪) ફાર્મસીના અભ્યાસક્રમો
(૫) આર્ટસ, કોમર્સ, સાયન્સ, બાયો સાયન્સ, લો, અન્ય એજ્યુકેશન વિ. ના અભ્યાસક્રમો
(૬) (B.B.A., B.C.A.) વિ. ના અભ્યાસક્રમો

૨.૨. ધો. ૧૨ પછીના ડિપ્લોમાં અભ્યાસક્રમો :

(૧) ગવર્મેન્ટ માન્ય પોલીટેકનિક દ્વારા સંચાલિત એન્જીનિયરીંગની બધી જ શાખાઓ
(૨) ફાર્મસીનો ડિપ્લોમાં અભ્યાસક્મ
(3) સ્કુલ ઓફ આર્કિટેકચરનો ડિપ્લોમા અભ્યાસક્મ

૨.૩. ધો. ૧૦ પછીના ગવર્મેન્ટ ડિપ્લોમા અભ્યાસક્રમો :
ગવર્મેન્ટ માન્ય પોલિટેકનિક દ્વારા સંચાલિત એન્જિનિયરીંગની બધી જ શાખાઓ

૨.૪. યુનિવર્સિટી માન્ય પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો :

(૧) ઉપર ૨.૧. માં જણાવેલ બધા જ ડિગ્રી અભ્યાસક્રમોના પોસ્ટ ગ્રેજયુએટ અભ્યાસક્રમો
(૨) પંચવર્ષિય M.B.A., M.C.A. M.S.C. I.T. વિ.

૨.૫. અન્ય અભ્યાસક્રમો

(૧) C.A.,C.S.,ICWA, C.F.A. IIM નો પોસ્ટ ગ્રેજ્યુએશન. ડિપ્લોમાં ઇન બિઝનેસ મેનેજમેન્ટ P.G.D.B.M., I.I.T. ની બધી જ એન્જિનિયરીંગની શાખાઓ I.A.S., I.P.S., I.F.S., I.R.S. વિ. અભ્યાસક્રમો.

(૨) અન્ય એડવાન્સ અભ્યાસક્રમો. (ટ્રસ્ટની મંજુરીને આધિન)

૨.૬. નીચે દર્શાવેલા અભ્યાસક્રમોની લોન / સહાય માટે શ્રી મહાવીર ચેરીટેબલ ટ્રસ્ટનું "શ્રીમતી મંજુલાબેન મનસુખભાઇ મેદાણી વ્યવસાયલક્ષી અભ્યાસ યોજના" નું ફોર્મ ભરવું.

(ક) Distance Learning ના અભ્યાસક્રમો

(ખ) અન્ય રાજયમાં આવેલી યુનિવર્સિટી દ્વારા ગુજરાત તથા અન્ય રાજયોના સેન્ટરમાં ચાલતા અભ્યાસક્રમો.

(ગ) ગુજરાત તથા અન્ય રાજયમાં આવેલ ઇન્સ્ટીટયુટ દ્વારા ગુજરાતના સેન્ટરોમાં ચાલતા અભ્યાસક્રમો.

૨.૭. અન્ય લોન / સહાય :

લોન / સહાય લેતા વિદ્યાર્થીઓને કોમ્પ્યુટર / લેપટોપ માટે પણ ટ્રસ્ટના નિયમ અનુસાર લોન / સહાય આપવામાં આવે છે.

કોલેજમાં અભ્યાસ માટે બહારગામ અપડાઉન કરતા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૫,૦૦૦/- સુધીની બસ ભાડા પેટે તેમજ બહારગામ હોસ્ટેલમાં રહીને ભણતા વિદ્યાર્થીને વાર્ષિક રૂા. ૨૫,૦૦૦/- સુધીની લોન / સહાય આપવામાં આવે છે.

ખાસ નોંધ : ઉપરોક્ત ૨.૭ માં જણાવેલ લોન / સહાયની રકમ વિદ્યાર્થીને અભ્યાસ માટે મળતી લોન / સહાયમાં ઉમેરવામાં આવશે.

(૧) C.A. ના અભ્યાસ માટે ઇન્સ્ટીટયુટ ઓફ ચાર્ટડ એકાઉન્ટસ એચ.એલ. કોલેજ ઓફ કોમર્સ, અરિહંત ઇન્સ્ટીટયુટ, નવકાર ઇન્સ્ટીટયુટ તથા ફાઉન્ટન હેડ ઇન્સ્ટીટયુટ, J.K. ઈન્સ્ટીટયુટ દ્વારા ચલાવવામાં આવતા કલાસીસની ફી માટે લોન / સહાય આપવામાં આવે છે. અન્ય કલાસીસની ફી આપવા અંગે ટ્રસ્ટ કલાસીસની ગુણવત્તા અંગે તપાસ કરીને નિર્ણય લેશે અને તે નિર્ણય આખરી ગણાશે.

(૨) C.A. ના અભ્યાસક્રમ માટે IPCC, ICWA ના અભ્યાસક્રમ માટે ICWA Intermediate તથા C.S. ના અભ્યાસક્રમ માટે C.S. Executive ની પરીક્ષાઓ લોન સહાય લીધાની તારીખથી ૨૪ માસમાં અને આ અભ્યાસક્રમોની ફાઇનલ પરીક્ષા લોન / સહાય લીધાની ૩૦ માસમાં પાસ કરવાની રહેશે. જો વિદ્યાર્થી મુકરર કરેલ સમયમાં જે તે પરીક્ષા પાસ નહી કરે તો તેને લોન / સહાય માટે આપેલી રકમ તાત્કાલીક પરત કરવાની રહેશે.

(3) ઉપર નોંધ (૨) માં જણાવેલ અભ્યાસક્રમો માટે જે તે ઇન્સ્ટીટયુશનના નિયમ અનુસાર સ્ટેજ વાઇઝ જરૂરી રજીસ્ટ્રેશન કરાવી તેનો કન્ફરમેશન લેટર આવ્યા બાદ જ ફી આપવામાં આવશે.

## ૩.૦ અરજીપત્રક સાથે બીડવાના પ્રમાણપત્રો (ઝેરોક્ષ કોપી A/4 સાઇઝમાં)

૩.૧ ધો. ૧૦ ની S.S.C બોર્ડની માર્કશીટ.

૩.૨ ધો. ૧૨ ની H.S.C બોર્ડની માર્કશીટ.

૩.૩ કોલેજના ગ્રેજયુએશનના પ્રથમ વર્ષ પછીના વર્ષ માટે વિદ્યાર્થીની ધો. ૧૨ પછી પાસ થયેલા વર્ષની માર્કશીટ

૩.૪ એડમિશન લેટર

૩.૫ ચાલુ વર્ષની ફી ભર્યાની પહોંચ.

૩.૬ કુટુંબના સભ્યોની વાર્ષિક આવકના પુરાવો/ સર્ટિફિકેટ /ઇન્કમટેક્ષ રીટર્નની નકલ.

૩.૭ પોસ્ટ ગ્રેજયુએશન માટે અરજી કરનારે તેની છેલ્લી ગ્રેજયુએશન પરીક્ષા પાસ કર્યાની માર્કશીટ તથા પ્રમાણપત્ર અવશ્ય બીડવું. (ધો. ૧૦ તથા ધો. ૧૨ ની માર્કશીટની જરૂર નથી)

૩.૮ C.A./C.S./ICWA ના રજીસ્ટ્રેશન કન્ફરમેશન લેટર.

૩.૯ સરનામાનાં પુરાવા તરીકે ડ્રાઈવીંગ લાયસન્સ / ઈલેકશન કાર્ડ / આધારકાર્ડ / પાસપોર્ટ / ભાડાચીઠ્ઠી / મ્યુનિસિપલ ટેક્ષ બીલ - ગમે તે એકની ઝેરોક્ષ કોપી બીડવી.

## ૪.૦ યોજનાની પધ્ધતિ :

૪.૧ ગ્રેજયુએશન/ ડિપ્લોમાં અંગેની લોન સહાય માટે વિદ્યાર્થીએ શરૂઆતમાં ફકત એક જ વખત અરજી કરવાની હોય છે. વિદ્યાર્થીની અરજી એકવાર મંજુર થયા પછી તેને તેના ગ્રેજયુએશન / ડિપ્લોમાના પૂરા અભ્યાસક્મ દરમ્યાન દરેક સિમેસ્ટર/ ટર્મની યુનિવર્સિટીની પરીક્ષા પાસ થયાની અસલ માર્કશીટ / નેટ રીઝલ્ટની પ્રીન્ટ આઉટ (એક ઝેરોક્ષ કેપી સાથે) તેમજ આગામી સિમેસ્ટર / ટર્મની ફી ભર્યાની અસલ પહોંચ (એક ઝેરોક્ષ કોપી સાથે) રજુ કરવાથી ટ્રસ્ટના નિયમ અનુસાર મુકરર કરેલ રકમ આપરવામાં આવે છે. માર્કશીટ તથા ફી ભર્યાની અસલ પહોંચ પરત કરવામાં આવશે. (<u>દર વર્ષે નવી અરજી કરવાની જરૂર નથી</u>)

૪.૨ ગ્રેજયુએશન પુરૂ કર્યા બાદ પોસ્ટ ગ્રેજયુએશનના કોર્સ માટે નવેસરથી અરજી કરવાની રહે છે.

૪.3 વિદ્યાર્થીને તેના અભ્યાસ માટે આપવામાં આવતી રકમ આપતી વખતે તેના પૂર્ણ અભ્યાસક્મની થતી અંદાજીત ફી ગણીને તેના, વિદ્યાર્થી અને સંસ્થાને અનુકૂળ એવા સરળ માસિક હપ્તેથી એડવાન્સ પોસ્ટ ડેટેડ ચેકો દ્વારા લેવામાં આવશે. આ એડવાન્સ માસિક હપ્તાના ચેકો વિદ્યાર્થીનો અભ્યાસ પૂર્ણ થતા સમયથી તેના સેટલમેન્ટ માટેના ૬ માસ ઉમેરીને થતાં મહિનાથી ૧ થી ૧૦ તારીખ સુધીની અનુકૂળ તારીખના આપવાના રહેશે. એડવાન્સ ચેકો દરેક સેમેસ્ટર / વાર્ષિક ફી લેતી વખતે વિદ્યાર્થીને આપવામાં આવતી રકમની આસપાસના આપવાના રહેશે.

૪.૪ ગ્રેજયુએશનમાંથી માસ્ટર ડીગ્રીનાં અભ્યાસ માટે લોન / સહાય લેનાર વિદ્યાર્થીને તેનાં ગ્રેજયુએશન દરમ્યાન આપવામાં આવેલ એડવાન્સ ચેકો પરત કરી ગ્રેજયુએશન તથા પોસ્ટ ગ્રેજયુએશનની થતી કુલ લોન / સહાયની રકમ પોસ્ટ ગ્રેજયુએશન પછી ૬ માસનો સેટલમેન્ટ સમય ગણી વિદ્યાર્થી અને ટ્રસ્ટને અનુકૂળ એવા માસિક હપ્તાનાં પોસ્ટ ડેટેડ એડવાન્સ ચેકો પોસ્ટ ગ્રેજયુએશનનાં દરેક સેમેસ્ટર મુજબ થતી રકમનાં સેમેસ્ટર ફી આપતી વખતે લેવામાં આવશે.

૪.૫ આ લોન / સહાય મેળવવા માટે કુટુંબના બૃહદ અમદાવાદના કોઇપણ એક સંઘનું સભ્ય હોવાના પ્રમાણપત્ર રૂપે આ અરજીપત્ર સાથે સામેલ ફોર્મમાં સહી કરાવી લાવવાની છે.

૪.૬ લોન / સહાય લેનારે બૃહદ અમદાવાદમાં વસતા ટ્રસ્ટને માન્ય કોઇપણ સંઘના સભ્ય હોય તેવા કોઇ એક પ્રતિષ્ઠિત વ્યકિતની ગેરંટી આપવાની રહે છે, જે આ અરજીપત્રક સાથે સામેલ છે. આ ગેરંટી પત્ર મુજબ ગેરંટર ટ્રસ્ટને ખાત્રી આપે છે કે જો વિદ્યાર્થી / તેનું કુટુંબ વિદ્યાર્થીને અભ્યાસક્મ દરમ્યાન ટ્રસ્ટ પાસેથી મેળવેલ રકમ કોઇપણ કારણસર પરત કરવામાં નિષ્ફળ જશે તો તે રકમ ગેરંટરે ભરપાઇ કરાવી આપવાની રહેશે.

૪.૭ લોન / સહાય લેનાર વિદ્યાર્થીએ તેના અભ્યાસક્મ દરમ્યાન લેવાતી યુનિવર્સિટીની બધી જ પરીક્ષાઓ પાસ કરવી ખાસ જરૂરી છે. ફેઇલ થનાર વિદ્યાર્થીની લોન / સહાય તાત્કાલીક બંધ કરવામાં આવશે અને તેણે લીધેલ રકમ તુરત જ પરત કરવાની રહેશે. આ અંગેની જવાબદારી વિદ્યાર્થીઓના પિતા /વાલી તથા ગેરંટરની રહેશે.

**૫.૦ વિદ્યાર્થીએ પસંદ કરેલ અભ્યાસક્રમ અરજીપત્રક ઉપર આવેલ બ્લોકમાં વ્યવસ્થિત રીતે લખવો અને વાર્ષિક ફી ની રકમમાં ફી ની રકમ સિવાયની અન્ય કોઇ રકમ ઉમેરવી નહી.**

**૬.૦ લોન / સહાયની રકમ :**

૬.૧ લોન / સહાય માટે આવલ અરજીઓનું કેળવણી કમિટી પૃથ્થકરણ કરીને વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યુ માટે બોલાવશે અને તે સમયે હાજર રહેલા ટ્રસ્ટીઓએ પાસ કરેલા અરજદારોને ટ્રસ્ટના ૬.૨માં જણાવ્યા મુજબના નિયમ અનુસાર લોન / સહાય આપવામાં આવશે.

૬.૨ વર્ષ ૨૦૧૫-૨૦૧૬ થી અમલમાં આવેલ ટ્રસ્ટના નિયમ અનુસાર નીચે જણાવ્યા મુજબ વાર્ષિક ફી ની કુલ રકમ લોન / સહાયરૂપે આપવામાં આવશે.

| ક્રમાંક | વિદ્યાર્થીની કોલેજની વાર્ષિક ટ્યુશન ફી ની રકમ | લોન / સહાયની વાર્ષિક રકમ | વધુમાં વધુ લોન / સહાય |
|---|---|---|---|
| ક | રૂા. ૧,૦૦,૦૦૦/- સુધી | ફી ની પૂરેપૂરી રકમ | વધુમા વધુ રૂા. ૧,૦૦,૦૦૦/- |
| ખ | રૂા. ૧,૦૦,૦૦૦/- થી રૂા. ૩,૦૦,૦૦૦/- સુધી | રૂા. ૧,૦૦,૦૦૦/- + રૂા. ૧,૦૦,૦૦૦/- થી ઉપરની રકમના ૫૦ ટકા | રૂા. ૩,૦૦,૦૦૦/- ની ફી વાળાને રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ગ | રૂા. ૩,૦૦,૦૦૦/- થી વધુ | --- | રૂા. ૨,૦૦,૦૦૦/- |

૬.૩ ટ્રસ્ટના લીધેલ નિર્ણયો આખરી ગણાશે અને તે અંગે કોઇપણ જાતનો વિવાદ ધ્યાનમાં લેવાશે નહી. જે લોન / સહાય લેનારને બંધનકર્તા રહેશે.

૭.૦ અરજીપત્રકમાં માંગેલ બધી જ વિગતો તથા તે સાથે માંગેલ પ્રમાણપત્રો વગરની અરજીઓ રદબાતલ થવાને પાત્ર છે, તેમજ ભવિષ્યમાં જો વિગતો ખામીવાળી જણાશે તો તે જ વખતથી લોન / સહાય બંધ કરવામાં આવશે અને વિદ્યાર્થીએ લીધેલ પૂરેપૂરી રકમ તાત્કાલીક પરત કરવાની રહેશે.

૮.૦ અરજી કર્યા બાદ લોન / સહાય લેનાર તેનું સરનામું, ટેલીફોન નંબર, અગર ઇ-મેઇલ એડ્રેસ બદલે તો તેમને સરનામા ફેરફારની તેમજ ટેલીફોન નંબરની વિગતના ફેરફારની લેખિત જાણ ટ્રસ્ટને તાત્કાલિક કરવાની રહેશે. આવી જાણ નહી કરનારની આગામી લોન / સહાય અટકાવવામાં આવશે.

૯.૦ લોન સહાય લેનાર વિદ્યાર્થી જીવનમાં પ્રગતિ કર્યા બાદ ઓછામા ઓછા એક વિદ્યાર્થીને મદદ થઇ શકે તેટલી અગર તેથી વધુ રકમ શ્રી મહાવીર ચેરિટેબલ ટ્રસ્ટને દાન તરીકે આપી આ જ્ઞાનયજ્ઞના સહભાગી થશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.

**૧૦.૦ આ અરજીપત્રક ભરીને ૩૦૨, "સમૃધ્ધિ", સાકાર -૩ ની સામે, સી.યુ.શાહ કોલેજની પાછળ, ઇન્કમટેક્ષ સર્કલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૧૪ ના સરનામે મોકલી આપવા વિનંતી છે.**

૧૧.૦ અરજી પત્રક સ્વિકારવાની છેલ્લી તારીખ જે તે વર્ષના માર્ચ માસની ૧૦ તારીખ રહેશે. ત્યારબાદ અરજીપત્રક સ્વિકારવામાં આવશે નહીં.

ઉપર જણાવેલ તમામ નિયમો મેં બરાબર વિગતવાર વાંચ્યા – સમજયા છે તથા તેમાં વખતોવખત થતા ફેરફાર સાથે મને કબુલ મંજૂર છે.

તારીખ ________________ સ્થળ ________________ ____________________________

વિદ્યાર્થીની સહી

તારીખ ________________ સ્થળ ________________ ____________________________

સાક્ષી તરીકે વિદ્યાર્થીના પિતા/વાલીની સહી

*અરજીપત્રકની વિગત અંગે કોઇપણ જાતનો ખુલાસો જોઇતો હોય તો નીચે જણાવેલ ગમે તે વ્યકિતનો તેમના નામ સાથે જણાવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.*

*(અ) C/A. **મનસુખભાઇ જે. મેદાણી** : ૩૦૨, "સમૃધ્ધિ" સાકાર – ૩ ની સામે, સી.યુ. શાહ કોલેજ પાછળ, ઇન્કમટેક્ષ સર્કલ, આશ્રમ રોડ, અમદાવાદ ૩૮૦ ૦૧૪ **ફોન : ૦૭૯- ૨૭૫૪ ૩૮૯૩, મો. ૯૩૭૭૭ ૮૮૯૯૦***

*(બ) **હસમુખ જાદવજી શાહ : અભિષેક એન્જિનિયર્સ** પ્રા.લી., 'અભિષેક હાઉસ', ૫, શ્રીમાળી સોસાયટી, જૈન દેરાસર પાસે, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૦૯. ફોન નંબર ૦૭૯- ૬૬૬૧ ૦૦૦૦ **(મો.) ૯૨૨૭૨ ૦૨૨૬૬***

*(ક) **શ્રી નરેન્દ્રકુમાર રમણલાલ શાહ : માન્શ એન્જિનિયર્સ** પ્રા.લિ., ૩૦૧-૩૦૩, સોહમ -II નવરંગ સ્કુલ છ રસ્તા, સી.પી. ચેમ્બર્સની પાછળ, નવરંગપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૪. ફોન નં.**(મો.) ૯૭૩૭૦૪૫૫૪૦***

*વિદ્યાર્થીએ કરેલ અરજીની એક ઝેરોક્ષ નકલ પોતાની પાસે સાચવી રાખવી.*